ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

ગુરુવાર ૧૧ જૂન, ૨૦૨૬ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785

આવનારા સમયમાં ધરણાં અને આંદોલનનો માર્ગ અપનાવવામાં આવશે

લીમખેડાના ગુમણી ગામના સરપંચના વર્તન સામે ગામલોકોમાં રોષ, તપાસ અને કાર્યવાહીની માંગ

સરપંચ દ્વારા સરકારના એસ્ટિમેટ અને નિયમો મુજબ કામગીરી કરવામાં આવી રહી નથી

(પ્રતિનિધિ) દાહોદ, તા.10

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ગુમણી ગામના સરપંચ માવી વિનુભાઈ સામે ગામના જાગૃત નાગરિકો અને આગેવાનો દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. ગામજનોના જણાવ્યા મુજબ ગામમાં રસ્તા નિર્માણ કામગીરી અંગે પ્રશ્ન પૂછતાં સરપંચ ઉશ્કેરાઈ ગયા હતા અને હું સરપંચ છું, મારી મરજી મુજબ જ્યાં ઇચ્છું

ત્યાં કામ કરાવીશ જેવા શબ્દોનો ઉપયોગ કર્યો હતો. ગામજનોના આક્ષેપ અનુસાર સરપંચ દ્વારા સરકારના એસ્ટિમેટ અને નિયમો મુજબ કામગીરી કરવામાં આવી રહી નથી.

નદીના ચોળિયાનો ગેરકાયદેસર ઉપયોગ કરીને રસ્તા બનાવવાની કામગીરી કરવામાં આવી રહી હોવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો છે. આ મુદ્દે ગામના આગેવાનો દ્વારા રજૂઆત કરવામાં આવતા સરપંચે તમારાથી થાય તે કરી લો, ખાણ-ખનીજ વિભાગને બોલાવી લો, મારું કોઈ કંઈ બગાડી નહીં શકે જેવા અભદ્ર શબ્દો ઉચ્ચાર્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.ગામજનોનું કહેવું છે કે આ પ્રકારના નિવેદનો માત્ર ગામલોકોનું નહીં પરંતુ સરકારી અધિકારીઓ અને કાયદાકીય વ્યવસ્થાનું પણ અપમાન છે. તેથી સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને જો કોઈ અનિયમિતતા કે ગેરરીતિ સામે આવે તો સરપંચ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. ગામના જાગૃત નાગરિકો અને આગેવાનોનું કહેવું છે કે જો જવાબદાર તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો આવનારા સમયમાં ધરણાં અને આંદોલનનો માર્ગ અપનાવવામાં આવશે.

જાહેરનામાના ભંગ બદલ ડીજે સંચાલક સામે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.10

સુપ્રીમ કોર્ટના ધ્વનિ પ્રદૂષણ અંગેના નિર્દેશોનું પાલન કરાવવા અને રાજ્ય વ્યાપી ચાલી રહેલી ખાસ ડ્રાઈવ અંતર્ગત કાલોલ પોલીસે એક મોટી કાર્યવાહી કરી છે. દેલોલ ચોકડી પાસે જાહેર જનતા અને રાહદારીઓને ભારે ખલેલ પહોંચે તે રીતે મોટા અવાજે ડી.જે. વગાડીને પસાર થતા એક આઈશર ગાડીના ચાલક સામે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. કાલોલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. અને તેમની ટીમ દેલોલ ચોકડી પાસે વાહન ચેકિંગની કામગીરીમાં વ્યસ્ત હતા. આ દરમિયાન ત્યાંથી એક આઈશર ગાડી (નંબરઃ GJ-23-A T-1243) પસાર થઈ રહી હતી, જેમાં 'માં મેલડી સાઉન્ડ' નામની ડી.જે. સિસ્ટમ ફીટ કરેલી હતી અને તે અત્યંત ઉંચા અવાજે વાગી રહી હતી. જાહેર જનતાની શાંતિમાં ભંગ થતો જોઈ પોલીસે તુરંત જ આઈશરને સાઈડમાં કરાવી ડી.જે. બંધ કરાવ્યું હતું.

દૂર-દૂરથી આવતા સામાન્ય લોકોને મુશ્કેલી ન વેઠવી પડે તેવી લોકમાંગ ઉઠવા પામી

શહેરા તાલુકા સેવા સદનમાં તૂટેલી બેંચો મુદ્દે અરજદારોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) ગોધરા, તા.10

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકા મથકે આવેલા તાલુકા સેવા સદનમાં જાળવણીના અભાવે અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. હાલમાં શાળાઓ અને કોલેજો ખુલી ગઈ હોવાથી આગળના અભ્યાસક્રમ તેમજ સરકારી યોજનાઓના લાભ મેળવવા માટે વિવિધ પ્રકારના જાતિ, આવક અને નોન-ક્રીમીલેયર સહિતના દાખલા કઢાવવા માટે દૂર-દૂરના ગામડાઓમાંથી લોકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. આવી કાળઝાળ ગરમીમાં કલાકો સુધી લાઈનમાં ઊભા રહેતા લોકો, વૃદ્ધો, મહિલાઓ અને નાના બાળકો માટે બેસવા માટે મૂકવામાં આવેલી કેટલીક લોખંડની બેંચો તૂટેલી હાલતમાં

હોવાથી લોકોમાં વહીવટી તંત્ર સામે છૂપો રોષ જોવા મળી રહ્યો છે. અગાઉ સેવા સદનના ગ્રાઉન્ડ ફ્લોર પર અરજદારોની સુવિધા માટે મૂકવામાં આવેલી લોખંડની બેંચો યોગ્ય જાળવણીના અભાવે બિસ્માર બની ગઈ છે. આ તૂટેલી બેંચોને સમયસર રિપેર કરાવીને પુનઃ ઉપયોગમાં લેવાના બદલે સેવા સદનના જ એક ખૂણામાં કચરાની જેમ ખડકી દેવામાં આવી છે.

જો કે, જે બેંચો સારી હાલતમાં છે તેનો લોકો ઉપયોગ કરી રહ્યા છે પરંતુ અરજદારોની મોટી સંખ્યા સામે તે ખૂબ જ અપૂરતી સાબિત થઈ રહી છે. અહીં પોતાના કામકાજ અર્થે આવતા સ્થાનિક લોકોનું કહેવું છે કે વહીવટી તંત્ર જનતાની આ હાલાકી જોઈને સત્વરે યોગ્ય પગલાં ભરે તે જરૂરી છે. જનતાના હિત માટે કાર્યરત આ સેવા સદન ખાતે સત્વરે નવી બેંચોની વ્યવસ્થા કરવામાં આવે અથવા ખૂણામાં પડેલી બેંચોને તાકીદે રિપેર કરાવવામાં આવે જેથી દૂર-દૂરથી આવતા સામાન્ય લોકોને મુશ્કેલી ન વેઠવી પડે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ઘોઘંબા તાલુકામાં ચોમાસા પૂર્વેની તૈયારીઓના ભાગરૂપે સફળ 'મોક ડ્રીલ' યોજાઈ

હાલોલ : પંચમહાલ જિલ્લા કલેક્ટર અજય દહિયાની અધ્યક્ષતામાં યોજાયેલી ચોમાસા પૂર્વેની (પ્રિ-મોન્સુન) બેઠકમાં આપેલા નિર્દેશો અનુસાર, જિલ્લાના દરેક તાલુકામાં મોક ડ્રીલનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે આજ રોજ ઘોઘંબા તાલુકાના શામળકુવા ગામે આવેલા નાના સિંચાઈ તળાવ ખાતે મોક ડ્રીલનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી-ઘોઘંબાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ મોક ડ્રીલમાં પૂર અથવા ભારે વરસાદ જેવી કટોકટીની સ્થિતિમાં વહીવટી તંત્રની સજ્જતા ચકાસવામાં આવી હતી. આ આપત્તિ વ્યવસ્થાપન કવાયત અંતર્ગત તળાવમાં ડૂબતા બાળકને સમયસૂચકતા વાપરીને કેવી રીતે સુરક્ષિત બચાવી શકાય (રેસ્ક્યૂ ઓપરેશન), તે અંગેનું જીવંત પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

કાલોલના મીરાપુરી ગામનો બનાવ

શોર્ટ સર્કિટથી બે મકાનોમાં આગ: ઘરવખરી બળીને ખાખ

(પ્રતિનિધિ) કાલોલ, તા.10

કાલોલ તાલુકાના મીરાપુરી ગામે ગત સાંજે શોર્ટ સર્કિટના કારણે અચાનક બે રહેણાંક મકાનોમાં ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર પંથકમાં ભારે અફરાતફરી અને દોડધામનો માહોલ સર્જાયો હતો. આગની લપેટમાં આવી જતાં બંને મકાનોમાં રાખેલી તમામ ઘરવખરી, અનાજ અને કિંમતી સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

જોકે, ફાયર બ્રિગેડની ટીમે સમયસર ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવતા આગ પર કાબૂ મેળવ્યો હતો, જેને પગલે મોટી હોનારત ટળી હતી. મળતી માહિતી મુજબ, મીરાપુરી ગામે આવેલા બે રહેણાંક મકાનોમાં અચાનક શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી. ઉનાળાની સિઝનમાં ગરમીના કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને બંને મકાનોને પોતાની લપેટમાં લઈ લીધા હતા. મકાનમાંથી ધુમાડાના ગોટેગોટા અને આગની જ્વાળાઓ ઉડતી જોઈ સ્થાનિક ગ્રામજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગ્રામજનોએ પોતપોતાની રીતે પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાના ભગીરથ પ્રયાસો શરૂ કર્યા હતા, પરંતુ આગ એટલી ભયાનક હતી કે મકાનમાં રહેલો અનાજનો જથ્થો, ઘરવખરી અને અન્ય કિંમતી સામાન બળીને રાખ થઈ ગયો હતો.આગની ઘટના અંગે તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર ફાઈટરોની ટીમના જવાનોએ સતત પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

ગોધરાના નદીસર ખાતે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ) ગોધરા, તા.10

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના નદીસર ગામની કન્યા શાળા ખાતે અખિલ રાષ્ટ્ર સંગઠન ગુજરાત પ્રદેશના વિશેષ સહયોગથી અને શંકરા વિઝન સેન્ટર બાલાસિનોર દ્વારા નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનોએ ભાગ લઈ પોતાની આંખોની તપાસ કરાવીને સ્વાસ્થ્ય લાભ લીધો હતો. ગ્રામીણ વિસ્તારના લોકોના સ્વાસ્થ્યની સુખાકારી માટે યોજાયેલા આ કેમ્પમાં તબીબો દ્વારા દર્દીઓની આંખોનું બારીકાઈથી નિરીક્ષણ કરી યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે કાર્યક્રમ યોજાયો

નિઃશુલ્ક GSET અને CSIR-NET કોચિંગ ક્લાસનું સફળતાપૂર્વક સમાપન

(પ્રતિનિધિ) દાહોદ, તા.10

દાહોદની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા ઉચ્ચ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે આયોજિત કરવામાં આવેલ નિઃશુલ્ક GSET (Gujarat State Eligibility Test) અને CSIR-NET (Life Sciences) માર્ગદર્શન વર્ગોનું સફળતાપૂર્વક સમાપન થયું છે. આ ક્રેસ કોર્સનો મુખ્ય હેતુ સ્થાનિક અને ગ્રામીણ વિસ્તારના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય તેમજ રાજ્ય સ્તરની આ અઘરી પરીક્ષાઓ માટે સક્ષમ બનાવી ઉચ્ચ પદ સુધી પહોંચાડવાનો હતો.

આ સમગ્ર શૈક્ષણિક શ્રેણીનું પ્રેરણાદાયી નેતૃત્વ અને માર્ગદર્શન

કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી. જે. ખરાદી સાહેબ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું, તેમજ તેનું સુદ્રઢ આયોજન અને સફળ સંચાલન પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યાપક અને પ્રોગ્રામ કોઓર્ડિનેટર શ્રી અંકિતકુમાર એન. ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી સચોટ માર્ગદર્શન મળી રહે તે માટે આ કોચિંગ ક્લાસમાં કોલેજના જે મ ની પોતાની આ સ્પર્ધાત્મક પરીક્ષાઓ ક્લિયર થયેલી છે.

રેલી દ્વારા સ્વચ્છતાને લગતા સંદેશાઓ આપવામાં આવ્યા

દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓમાં "સ્વચ્છતા સપ્તાહ" નો પ્રારંભ કરાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.10

વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના ૧૨ વર્ષના સફળ કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે દાહોદ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં વિવિધ લોક કલ્યાણ કાર્યક્રમોનું સૂદર આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનના ભાગરૂપ દાહોદ જિલ્લામાં પણ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત સમગ્ર દાહોદ જિલ્લામાં આજથી લઈને આગામી તા. ૧૪-૦૬-૨૦૨૬ સુધી સ્વચ્છતા સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમો અને દિવસવાર પ્રવૃત્તિઓ યોજાનાર છે. સ્વચ્છતા અભિયાન સપ્તાહ અંતર્ગત દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સ્વચ્છતા જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી દ્વારા ગામોમાં સ્વચ્છતા અંગેના વિવિધ સૂત્રો દ્વારા ગામજનોને જાગૃત કરવામાં આવ્યા હતા. "સ્વચ્છ ગામ, સુંદર ગામ", "ભીનો અને સૂકો કચરો અલગ કરો", "કચરો કચરાપેટીમાં જ નાખો" જેવા સંદેશાઓ આપવામાં પંચાયતના સદસ્ય શ્રી ઓ, તાલુકા વિકાસ અધિકારી, સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ના જિલ્લા તથા તાલુકા કક્ષાના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ગામના સરપંચશ્રી, આગેવાનો, શાળાના વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનોએ પણ કાર્યક્રમમાં જોડાયા હતા. જેમાં તમામ ઉપસ્થિતોએ શ્રમદાન કરી જાહેર સ્થળો, રસ્તાઓ તથા આસપાસના વિસ્તારોની સફાઈ કરી હતી. સ્વચ્છતા પ્રત્યે જનજાગૃતિ લાવવા તેમજ ગામોને વધુ સ્વચ્છ અને સુંદર બનાવવા માટે સૌએ સંકલ્પ પણ લીધો હતો. સ્વચ્છતા અભિયાન દ્વારા ગામમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધે અને ગામ વધુ સ્વચ્છ તથા સ્વસ્થ બને તે માટે સૌને સહકાર આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

ચોમાસુ સીઝનમાં ખેતી કરતા ધરતીપુત્રો જોગ

ખાતરની ખરીદી વખતે ખેડૂતોએ રાખવાની તકેદારી અંગે કૃષિ વિભાગની એડવાઈઝરી

(પ્રતિનિધિ) ગોધરા, તા.10

આગામી ચોમાસુ સીઝનને ધ્યાને રાખીને ગુજરાત રાજ્યના ખેતી નિયામક દ્વારા રાજ્યના તમામ ખેડૂતો માટે એક મહત્વપૂર્ણ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આ એડવાઈઝરી મુજબ, ખેડૂતોએ વાવેતર માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે વિશેષ સાવચેતી રાખવી અનિવાર્ય છે. ખેતી નિયામકે સ્પષ્ટ જણાવ્યું છે કે ખેડૂતોએ માત્ર અધિકૃત લાયસન્સ અથવા પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા માન્ય ખાનગી વિક્રેતાઓ પાસેથી જ ખેત સામગ્રીની ખરીદી કરવાનો આગ્રહ રાખવો જોઈએ.

ખેડૂતોને છેતરપિંડીથી બચાવવા માટે વિભાગ દ્વારા ખાસ તાકીદ કરવામાં આવી છે કે કોઈપણ સંજોગોમાં લાયસન્સ ન ધરાવતા હોય તેવી વ્યક્તિઓ, અજાણી પેઢીઓ કે શેરી-ગલીઓમાં ફરતા ફેરીયાઓ પાસેથી ખેતીના ઈનપુટ્સની ખરીદી કરવી નહીં. આવી બિનઅધિકૃત ખરીદી ભવિષ્યમાં પાક નિષ્ફળતા કે અન્ય નુકસાનના કિસ્સામાં કાયદાકીય રક્ષણ મેળવવામાં અવરોધ ઉભો કરી શકે છે તેથી હંમેશા વિશ્વસનીય સ્ત્રોત પાસેથી જ ખરીદી કરવી હિતાવહ છે. ખરીદીની પ્રક્રિયાને પારદર્શક બનાવવા માટે ખેડૂતોએ વેપારી પાસેથી વેચાણ રસીદ અથવા પાકું બીલ અવશ્ય માંગવું જોઈએ. આ બીલમાં વેપારીનો લાયસન્સ નંબર, પેઢીનું પૂરું નામ, સરનામું, ખરીદેલ વસ્તુનું નામ અને લોટ નંબર જેવી વિગતો સ્પષ્ટપણે દર્શાવેલી હોવી જોઈએ અને તે વેપારીની સહી સાથેનું હોવું જરૂરી છે.

ગોધરામાં ભગવાન બિરસા મુંડાને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

(પ્રતિનિધિ) દાહોદ, તા.10

ટ્રાઇબલ ચેર દ્વારા આદિવાસી ગૌરવ ભગવાન બિરસા મુંડાની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિ પ્રો.હરિભાઈ કાતરીયાના પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો અને સ્ટાફે ક્રાંતિવીરના બલિદાનને નમન કરી આદિવાસી સમાજના ઉત્થાન માટે કામ કરવાનો સંકલ્પ લીધો હતો. આ સભામાં વક્તાઓએ ભગવાન બિરસા મુંડાના ઉલગુલાન આંદોલન, જળ-જંગલ-જમીનની રક્ષા કાજે આપેલા બલિદાન અને સામાજિક સુધારાના વિચારો પર પ્રકાશ પાડ્યો હતો.

કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થતા ઉજવણી

કાલોલમા ભાજપ દ્વારા મહાપુરુષોની પ્રતિમાઓને 'સ્વચ્છાંજલિ' અર્પણ

(પ્રતિનિધિ) કાલોલ, તા.10

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સફળ નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે દેશભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે આજે કાલોલ નગર ખાતે રાષ્ટ્રના મહાપુરુષોને આદરપૂર્વક 'સ્વચ્છાંજલિ' આપવા માટે એક વિશેષ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરના વિવિધ વિસ્તારોમાં આવેલી મહાનુભાવોની પ્રતિમાઓની સાફ-સફાઈ કરીને તેમને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે: હસમુખભાઈ મકવાણા (પ્રમુખ, કાલોલ નગરપાલિકા), કલ્પેશભાઈ પારેખ (શહેર પ્રમુખ, કાલોલ ભાજપ), શોભાબેન (મહિલા પ્રમુખ, કાલોલ શહેર ભાજપ) આ ઉપરાંત ભાજપ યુવા મોરચાના પદાધિકારીઓ અને વિવિધ સંગઠનોના અગ્રણીઓએ પણ ઉત્સાહભેર હાજર રહીને શ્રમદાન કર્યું હતું.અભિયાન દરમિયાન ઉપસ્થિત તમામ મહાનુભાવો અને કાર્યકરોએ 'સ્વચ્છતા, સેવા અને સમર્પણ'ના મંત્રને સાર્થક કરવાનો સંકલ્પ લીધો હતો.

સુથારવાસા ગામે જમીન મુદ્દે સર્જાયેલી મારામારીમાં એકને ધારિયુ વાગ્યું

(પ્રતિનિધિ) દાહોદ, તા.10

લીમડી તાલુકાના સુથારવાસા ગામે જમીન મુદ્દે મારામારી સર્જાઈ હતી આ મારામારી મા એક વ્યક્તિને ધારિયુ વાગતા ભારે ગંભીર ઈજા થઈ હતી આ ઘટનામાં કુલ ૬ લોકોને ઈજા થઈ હોવાની પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે પ્રાપ્ત માહિતી અનુસાર લીમડી તાલુકાના સુથારવાસા ના મુવાડી ફળિયામાં એક પક્ષે આવી જણાવ્યું હતું કે ગામના આગેવાનને બોલાવ્યા વગર બારોબાર એકલા જમીનનો ભાગ પાડોછો તેમ કહી ઉશ્કેરાયેલ લોકોએ ૬ લોકોને માર્યો હતો. યુવાનો અને મહિલાઓને લાકડીથી મારી એક ને ધારિયુ મારતા ગંભીર ઈજા થઈ હતી આ ઘટનામાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક રીતે ૧૦૮ ની મદથી સારવાર માટે દવાખાને લઈ જવાયા હતા. ઘટના સંદર્ભે પોલીસ મથકે ફરિયાદ નોંધાય છે

જાહેર નોટીસ

શ્રી એસ.સી.સંગાડા,એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં

ન.જ.મ.પ્ર/એસ.આર.નં.280થી282/2026 તા.08-06-2026

અરજદાર : નાયક મનહરભાઈ ભારતભાઈ રહે.બોરગોટા,તા.સીંગવડ, જિ.દાહોદ

વિરૂધ્ધ સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,બોરગોટા મુ.બોરગોટા,તા.સીંગવડ, જી.દાહોદ

આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે,**અરજદારશ્રી નાયક મનહરભાઈ ભારતભાઈ** રહે. બોરગોટા,તા.સીંગવડ,જિ.દાહોદનાઓએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે,તેઓની **પુત્ર નામે નાયક પંકજભાઈ મનહરભાઈ**નો જન્મ તા.01-06-2015 ના રોજ મુ,બોરગોટા,તા.સીંગવડ, જિ.દાહોદ ખાતે થયેલ છે,અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઈ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે.સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઇસમને વાંધો યા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,સીંગવડની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો,જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે,જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ તા.08/06/2026ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એસ.સી.સંગાડા : એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડ

જાહેર નોટીસ

શ્રી એસ.સી.સંગાડા,એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં

ન.જ.મ.પ્ર/એસ.આર.નં.277થી279/2026 તા.08-06-2026

અરજદાર : નાયક મનહરભાઈ ભારતભાઈ રહે.બોરગોટા,તા.સીંગવડ, જિ.દાહોદ

વિરૂધ્ધ સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,બોરગોટા મુ.બોરગોટા,તા.સીંગવડ, જી.દાહોદ

આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે,**અરજદારશ્રી નાયક મનહરભાઈ ભારતભાઈ** રહે.બોરગોટા,તા. સીંગવડ,જિ.દાહોદનાઓએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે,તેઓની **પુત્રી નામે નાયક કાજલબેન મનહરભાઈ**નો જન્મ તા.01-06-2015 ના રોજ મુ,બોરગોટા,તા.સીંગવડ, જિ.દાહોદ ખાતે થયેલ છે,અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઈ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે.સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઇસમને વાંધો યા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,સીંગવડની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો,જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે,જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ તા.08/06/2026ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એસ.સી.સંગાડા : એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડ

જાહેર નોટીસ

શ્રી એસ.સી.સંગાડા,એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં

ન.જ.મ.પ્ર/એસ.આર.નં.275થી276/2026 તા.08-06-2026

અરજદાર : પટેલ ભેમાભાઈ કુલાભાઈ રહે.બોરગોટા,તા.સીંગવડ, જિ.દાહોદ

વિરૂધ્ધ સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,બોરગોટા મુ.બોરગોટા,તા.સીંગવડ, જી.દાહોદ

આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે,**અરજદારશ્રી પટેલ ભેમાભાઈ કુલાભાઈ** રહે.બોરગોટા,તા. સીંગવડ,જિ.દાહોદનાઓએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે,તેઓના **દાદીશ્રી નામે પટેલ લાલીબેન ભચલાભાઈ**નું મરણ તા.16-06-2009 ના રોજ મુ,બોરગોટા,તા.સીંગવડ, જિ.દાહોદ ખાતે થયેલ છે,અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઈ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે.સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઇસમને વાંધો યા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,સીંગવડની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો,જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે,જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ તા.08/06/2026ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એસ.સી.સંગાડા : એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડ

જાહેર નોટીસ

શ્રી એસ.સી.સંગાડા,એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં

ન.જ.મ.પ્ર/એસ.આર.નં.265થી266/2026 તા.05-06-2026

અરજદાર : વાખળા બળવંતભાઈ રાયસિંગભાઈ રહે.બોરગોટા,તા.સીંગવડ, જિ.દાહોદ

વિરૂધ્ધ સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,બોરગોટા મુ.બોરગોટા,તા.સીંગવડ, જી.દાહોદ

આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે,**અરજદારશ્રી વાખળા બળવંતભાઈ રાયસિંગભાઈ** રહે. બોરગોટા,તા.સીંગવડ,જિ.દાહોદનાઓએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે,તેઓના **દાદા નામે વાખળા ભુરકાભાઈ માનાભાઈ**નું મરણ તા.15-12-1991 ના રોજ મુ,બોરગોટા,તા.સીંગવડ, જિ.દાહોદ ખાતે થયેલ છે,અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઈ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે.સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઇસમને વાંધો યા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,સીંગવડની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો,જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે,જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ તા.05/06/2026ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એસ.સી.સંગાડા : એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડ